# સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ, નડિઆદ

## મનોવિજ્ઞાન વિભાગ

## *મનોવિજ્ઞાન વિભાગ અંતર્ગત થયેલ વિવિધ કાર્યક્રમની રૂપરેખા*

| ક્રમ | તારીખ | કાર્યક્રમનુ નામ |
|---|---|---|
| 1. | 19/05/2025 તથા તા.20/05/2025 | Stop Sexual Harassment at workplace - Posh Act-2013 વિષય પર તા.19/05/2025 તથા તા.20/05/2025 એમ બે દિવસીય વેબિનાર |
| 2. | 26/06/2025 | મનોવિજ્ઞાન પ્રયોગશાળાની સફાઇ |
| 3. | 05/07/2025 | પુસ્તક પ્રદર્શન |
| 4. | 11/07/2025 | જે. એસ. આયુર્વેદિક કોલેજ – એનાટોમી લેબની મુલાકાત |
| 5. | 01/08/2025 | મૈત્રી સંસ્થામાં દિવ્યંગ બાળકોને રાખડી બનાવવામાં મદદ કરવાના સંદર્ભમાં મુલાકાત કાર્યક્રમ |
| 6. | 02/08/2025 | આણંદ આર્ટ્સ કોલેજમાં PPT પ્રેઝન્ટેશનમાં પ્રથમ – સેલીના પરમાર |
| 7. | 02/08/2025 | સંશોધન પધ્ધતિઓ – સંશોધન સેમિનાર |
| 8. | 20/08/2025 | મનોવિજ્ઞાનન પિતા વિલયમ વૂન્ટની જન્મજયંતિની ઉજવણી |
| 9. | 10/09/2025 | આત્મહત્યા નિવારણ દિન |
| 10. | 29/09/2025 | ઓપન માઇક પ્રોગ્રામ |
| 11. | 01/12/2025 | એઇડ્સ અવરનેસ પ્રોગ્રામ |
| 12. | 10/12/2026 | મંદબુધ્ધિ બાળ દિનની ઉજવણીના સંદર્ભમાં ચાર્ટ સ્પર્ધા |
| 13. | 26/12/2025 | વીર બાળદિનની ઉજવણી |
| 14. | 09/02/2026 | કરીયર કાઉન્સેલિંગ પ્રોગ્રામ |
| 15. | 19/02/2026 | મનોવૈજ્ઞાનિક કસોટીઓ – સંશોધન સેમિનાર |
| 16. | 12/03/2026 | પોશમ-પા ફિલ્મ દર્શન કાર્યક્રમ |
| 17. | | સ્પેશ્યલ ક્લાસ |

| | | |
|---|---|---|
| 18. | | રેમેડિયલ ક્લાસ |
| 19. | | વાકવર્ધિની સભા |
| 20. | | ટીચિંગ મેથડ/અન્ય પ્રવૃતિ |

Sem-05 સમગ્ર સરદાર પટેલ યુનિવર્સિટીના આર્ટ્સ વિભાગમાં પ્રથમ સ્થાન મેળવતી વિધિ સોની સાથે આચાર્યશ્રી પ્રો.ડો.મહેન્દ્રકુમાર દવે સાહેબ અને મનોવિજ્ઞાનના અધ્યાપક ડો.પ્રકાશભાઈ વિછીયા તથા ડો.અર્પિતાબેન ચાવડા



સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભારતનાટ્યમ નૃત્ય કરતી વિદ્યાર્થિની મૈત્રી ઠાકર








# સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ, નડીઆદ

## મનોવિજ્ઞાન વિભાગ

## વેબીનાર

---

# Stop Sexual Harrasment at workplace - Posh Act-2013

સી.બી.પટેલ આર્ટસ કોલેજ નડિયાદ ના આચાર્યશ્રી પ્રો.ડો.મહેન્દ્રકુમાર દવે સાહેબની પ્રેરણાથી વેકેશનમાં વિદ્યાર્થીઓને વિશિષ્ટ જ્ઞાન મળી રહે તે હેતુસર મનોવિજ્ઞાન વિભાગ દ્વારા Stop Sexual Harassment at workplace - Posh Act-2013 વિષય પર તા.19/05/2025 તથા તા.20/05/2025 એમ બે દિવસીય વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું છે. તા.19/05/2025 ના રક્ષિત પ્રોજેક્ટ, દિલ્હીના વક્તાશ્રી આરાધનાબેન દુબેએ zoom એપ્લિકેશન દ્વારા જાતીય સતામણીના સંદર્ભમાં ખૂબ સુંદર માહિતી આપી હતી. કાર્ય સ્થળ પર સ્ત્રીઓને જાતીય સતાવણી કેવી રીતે થાય છે, તેની ઓળખ કરવી અને જાતીય સતામણીથી બચવા શું કરી શકાય તેની માહિતી પ્રદાન કરી હતી. તા.20/05/2025 ના રોજ અગલ્યાબહેને વિદ્યાર્થીઓની જાતીય સતામણી કેવી રીતે થાય છે ? શાળા કોલેજમાં જાતીય સતામણી દૂર કરવા માટે શું કરી શકાય. તેની ખૂબ સુંદર માહિતી અને PPT અને વિડિયો નિદર્શન આપી હતી. આચાર્યશ્રી પ્રો.ડૉ.મહેન્દ્રકુમાર દવે સાહેબે વિદ્યાર્થીઓને આજ્ઞાન ખૂબ ઉપયોગી થશે તેવો રાજીપો વ્યક્ત કર્યો અને આવી કોઈ બાબતનો ભોગ જો વિદ્યાર્થી બને તો તાત્કાલિક તેઓને જાણ કરવા વિદ્યાર્થીઓને અપીલ કરી હતી. મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ ડોક્ટર પ્રકાશભાઈ વિંછીયા અને ડોક્ટર અર્પિતાબેન ચાવડાએ આ વેબીનારમાં સક્રિય ભૂમિકા ભજવી હતી.પ્રક્ષિલ પ્રોજેક્ટના કૉ – ઓર્ડીનેટર તલ્હા પઠાણે ખૂબ સુંદર રીતે આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. કોલેજના અધ્યાપકમિત્રો પણ અને વિદ્યાર્થીઓ પણ બહોળી સંખ્યામાં આ વેબીનારમાં જોડાયા હતા.

C. B. PATEL ARTS COLLEGE NADIAD ESTD - 1947


PRINCIPAL
C. B. PATEL ARTS COLLEGE
NADIAD 387 001










C. B. PATEL ARTS COLLEGE
NADIAD
ESTD - 1947

PRINCIPAL
C. B. PATEL ARTS COLLEGE
NADIAD 387 001

# સી.બી.પટેલ આર્ટસ કોલેજ, નડીઆદ

## મનોવિજ્ઞાન વિભાગ

### સ્વચ્છતા કાર્યક્રમ

તા.25/06/2025 રોજ આચાર્યશ્રી ડો.મહેન્દ્રકુમાર દવેની પ્રેરણાથી મનોવિજ્ઞાન પ્રયોગશાળામાં વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા ત્યાં પ્રભુતાના સૂત્રને સાર્થક કરવા ‘સ્વચ્છતા કાર્યક્રમ’ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ મનોવૈજ્ઞાનિક પ્રયોગોના વિવિધ સાધનો, મનોવૈજ્ઞાનિકોના ફોટોગ્રાફ તથા સમગ્ર પ્રયોગશાળાની સફાઇ કરી હતી. સેમ–05 ના વિદ્યાર્થીઓએ આ દિવસે મનોવિજ્ઞાન પ્રયોગના વિવિધ સાધનોની સફાઇ કરી તેમજ તેના ઉપયોગની માહિતી મેળવી હતી. મનોવિજ્ઞાન પ્રયોગશાળા કાયમ માટે સ્વચ્છ રહે તે હેતુસર સાત દિવસની ટીમ સ્વચ્છતા કાર્ય માટે પાડવામાં આવી હતી તથા કાયમ માટે પ્રયોગશાળાના સ્વચ્છ રાખવા માટે અમે કટિબધ્ધ છીએ તેવી વિદ્યાર્થીઓએ બાહેંધરી આપી હતી.













C. B. PATEL ARTS COLLEGE NADIAD ESTD - 1947

**PRINCIPAL**
**C. B. PATEL ARTS COLLEGE**
**NADIAD 387 001**

# સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ, નડીઆદ

## મનોવિજ્ઞાન વિભાગ

---

## મનોવિજ્ઞાન વિષયના અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી માધ્યમના પુસ્તકો....

# પુસ્તક પ્રદર્શન કાર્યક્રમ

સી.બી.પટેલ આર્ટસ કોલેજના મનોવિજ્ઞાન વિભાગ તથા પુસ્તકાલય વિભાગ દ્વારા તા.05/07/2025 ના રોજ કોલેજની લાઈબ્રેરીમાં રહેલા મનોવિજ્ઞાન વિષયના પુસ્તકોની સફાઈ કરી, પુસ્તક પ્રદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રી ડો. મહેન્દ્રકુમાર દવેના માર્ગદર્શનથી યોજાયેલ આ કાર્યક્રમમાં કોલેજની લાઈબ્રેરીમાં રહેલા 800 થી વધુ પુસ્તકોની સફાઈ કરી, લાઈબ્રેરી ખંડમાં પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. પુસ્તક પ્રદર્શનમાં પુસ્તકની સાથે મનોવૈજ્ઞાનિકોના ફોટોગ્રાફનું નિદર્શન પણ રાખવામા આવ્યું હતું. કોલેજના વિદ્યાર્થીઓએ પુસ્તક પ્રદર્શન નિહાળ્યું, જેમાથી કેટલાક વિદ્યાર્થીઓ સામાન્ય મનોવિજ્ઞાન, લગ્ન જીવનનું મનોવિજ્ઞાન, બાળ મનોવિજ્ઞાન અસરકારક વર્તનનું મનોવિજ્ઞાન, સામાજિક મનોવિજ્ઞાન વગેરે પુસ્તકોનું વાંચન કરવામાં માટે પોતાના ઘરે પણ લઇ ગયા હતા. આચાર્યશ્રીએ પુસ્તક પ્રદર્શન અને વાંચન કરતાં વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. મનોવિજ્ઞાન વિષયના અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી માધ્યમના પુસ્તક પ્રદર્શનમાં અધ્યપક ડો.પ્રકાશભાઈ વિછીયા, ડો.અર્પિતાબેન ચાવડા તથા લાઈબ્રેરીયન કિંજલબેન બ્રહ્મભટ્ટ તથા વિદ્યાર્થીઓ સાથે ખુબ જ સક્રિય કામગીરી કરી હતી.























C. B. PATEL ARTS COLLEGE
NADIAD
ESTD - 1947

**PRINCIPAL**
**C. B. PATEL ARTS COLLEGE**
**NADIAD 387 001**

# સી.બી.પટેલ આર્ટસ કોલેજ, નડીઆદ
## મનોવિજ્ઞાન વિભાગ
### એનાટોમી લેબની મુલાકાત

સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ, નડિયાદના આચાર્યશ્રી પ્રો.ડૉ.મહેન્દ્રકુમાર દવે સાહેબની પ્રેરણાથી જે.એસ.આયુર્વેદિક કોલેજ, નડીઆદ સાથે અત્રેની કોલેજના MOU થયેલ છે. જે સંદર્ભમાં આજરોજ તા.11/07/2025 ના આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ આયુર્વેદિક કોલેજની 'એનાટોમી લેબ' ની મનોવિજ્ઞાન વિભાગના વિદ્યાર્થીઓ માટે મુલાકાત લેવામાં આવી હતી. ત્યાંના અધ્યાપકો ડૉ. સીતારામ મિત્તંતાય, તથા અન્ય અનુસ્નાતક વિભાગના વિદ્યાર્થીઓ ડો.રાજ, ડો,કાજલબેન, ડો.રિદ્ધિબેન તથા ડો.મામથાબહેને માનવશરીરની રચના, મગજ અને તેના ભાગો, હૃદય, ધમની, શિરાઓ, ગર્ભાશય, કરોડરજ્જુ, મૂત્રપિંડ, અસ્થિઓ, કાન, નાક, આંખ અને શરીરના અન્ય તમામ ભાગોનું મ્યુઝીય દર્શન કરાવી અગત્યની ઉપયોગી માહિતી પુરી પાડી હતી તેમજ માનવશરીરના કેટલાક ભાગો જેવા કે હૃદય, લીવર, હોજરી, કિડની, મુત્રપિંડ વગેરેનું લાઈવ ડેમોટ્રેશન કરાવ્યું હતું. વિશેષમાં જણાવવાનું કે હ્યુમન બોડીને પ્રિઝર્વ કેવી રીતે કરવી તેની સમજ આપી હતી. આયુર્વેદ કોલેજના આચાર્ય ડૉ.કલાપી પટેલ સાહેબે આયુર્વેદ કોલેજના એનાટોમી વિભાગની મુલાકાત માટે વિદ્યાર્થીઓને ધન્યવાદ પાઠવ્યા હતા. આ મુલાકાત કાર્યક્રમમાં ડીઓ.પ્રકાશભાઈ વિછીયા, ડો.અર્પિતાબેન ચાવડા અને ડો.ગણેશભાઈ પ્રજાપતિ વિદ્યાર્થીઓએ સાથે જોડાયા હતા.















C. B. PATEL ARTS COLLEGE
NADIAD
ESTD - 1947

PRINCIPAL
C. B. PATEL ARTS COLLEGE
NADIAD 387 001

# સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ, નડીઆદ

## મનોવિજ્ઞાન વિભાગ

***આત્મનિર્ભર ભારતના સંદર્ભમાં મનોવિજ્ઞાનના વિદ્યાર્થીઓએ મૈત્રી- સંસ્થા દિવ્યાંગ બાળકો પાસેથી***

## ***રાખડી બનાવવાની તાલીમ કાર્યક્રમ તથા***

# ***મૈત્રી સંસ્થાની મુલાકાત કાર્યક્રમ***

તા.01/08/2025 ના રોજ ચરોતર પંથકની સુપ્રસિંધ્ધ સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ, નડિઆદના આચાર્ય ડૉ.મહેન્દ્રકુમાર દવે સાહેબની પ્રેરણાથી મનોવિજ્ઞાન વિષયના વિદ્યાર્થીઓએ ‘મૈત્રી સંસ્થા’ માં દિવ્યાંગ બાળકોની મુલાકાત લીધી. મૈત્રી સંસ્થામાં માનસિક દિવ્યાંગ બાળકો અભ્યાસ તથા સ્વનિર્ભરતાની તાલીમ મેળવે છે. આત્મનિર્ભર ભારતના સંદર્ભમાં સ્વનિર્ભરની તાલીમ અંતર્ગત રક્ષાબંધન તહેવાર સંદર્ભે રાખડી બનાવવાની કામગીરી દિવ્યાંગ બાળકો આ સંસ્થામાં કરે છે. મનોવિજ્ઞાન વિષયના વિદ્યાર્થીની મુલાકાતનો હેતુ દિવ્યાંગ બાળકોને રાખડી બનાવવામાં મદદ કરવી, તેઓ પાસેથી રાખડી બનાવવાની તાલીમ મેળવવી તથા તેઓની શૈક્ષણિક પ્રણાલી જાણવી એવો હતો. મુલાકાત દરમ્યાન મનોવિજ્ઞાનના વિદ્યાર્થીઓએ દિવ્યાંગ બાળકોને રાખડી બનાવવામાં મદદ કરી તથા આ સ્વદેશી રાખડીની ખરીદી કરી દિવ્યાંગ પ્રત્યે ભાતૃભાવના રાખવાનો સંદેશ સમાજને આપ્યો. તેની સાથે સભ્ય સમાજને એવી અપીલ કરી કે તેઓ પણ આ રાખડીની ખરીદી કરી દિવ્યાંગ બાળકોની કામગીરીને અભિનંદન પાઠવે. આ કાર્યક્રમમાં મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ ડો.પ્રકાશભાઈ વિછીયા અને ડૉ.અર્પિતાબેન પણ વિદ્યાર્થીઓ સાથે જોડાયા હતા. મુલાકાતના અંતમાં મૈત્રી સંસ્થાના સંચાલક શ્રીમેહુલભાઇનો સહૃદય આભાર માનવામાં આવ્યો હતો.













C. B. PATEL ARTS COLLEGE
NADIAD
ESTD - 1947

**PRINCIPAL**
**C. B. PATEL ARTS COLLEGE**
**NADIAD 387 001**

# સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ, નડિયાદ

## મનોવિજ્ઞાન વિભાગ

## સેમિનાર વિષય : સંશોધન પધ્ધતિઓ

---

ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી. બી. પટેલ આર્ટ્સ કોલેજ, નડિયાદના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા તા.02/08/2025 ના રોજ આચાર્યશ્રીના માર્ગદર્શન અનુસાર 'સંશોધન પધ્ધતિઓ' વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારાના મુખ્ય વક્તા તરીકે સમાજશાસ્ત્ર વિભાગના અધ્યાપક ડો.ભારતીબેન પટેલે સંશોધન એટલે શું ? સંશોધનના પગથિયા, સંશોધનના પ્રકારો અને વિવિધ પધ્ધતિઓના સંદર્ભમાં વિદ્યાર્થીઓને ખૂબ જ સુંદર માહિતી આપી હતી. કેવા પ્રકારના સંશોધન માટે કઈ પધ્ધતિ પસંદ કરવી તેની પણ સમજ આ તકે પૂરી પાડવામાં આવી હતી. તેની ખૂબ સુંદર રીતે માહિતી આપવામાં આવી હતી. ડો.અર્પિતાબેન ચાવડાએ સમગ્ર સેમિનારનું આયોજન કર્યું હતું. કાર્યક્રમના અંતમાં આભારવિધિ સેમ-03 ની વિદ્યાર્થિનીએ કુ.ગોપી ભીમાણીએ કરી હતી.















C. B. PATEL ARTS COLLEGE
NADIAD
ESTD - 1947

PRINCIPAL
C. B. PATEL ARTS COLLEGE
NADIAD 387 001

# સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ, નડિઆદ

## મનોવિજ્ઞાન વિભાગ

તા.13/08/2024

---

## ***મનોવિજ્ઞાનના વિદ્યાર્થીઓએ આંતર યુનિવર્સિટી સેમિનારમાં***

## **"Intellectual and learning disability: causes, assessment and pathways to support"** ***ના સંદર્ભમાં પ્રેજન્ટેશન કર્યું.***

ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી. બી .પટેલ આર્ટસ કોલેજમાં આચાર્યશ્રી પ્રો.ડો.મહેન્દ્રકુમાર દવેસાહેબની પ્રેરણા અને માર્ગદર્શનથી મનોવિજ્ઞાન વિભાગમાં આણંદ આર્ટસ કોલેજ, આણંદમાં એક દિવસીય આંતર યુનિવર્સિટી  વિદ્યાર્થીલક્ષી પરિસંવાદ "Intellectual and learning disability: causes, assessment and pathways to support"  વિષય પર યોજાયો હતો. જેમાં વિવિધ કોલેજના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો તેમજ વિષયને અનુરૂપ પ્રેઝન્ટેશન પણ કર્યું હતું. અત્રેની કોલેજમાંથી કુલ ત્રણ વિદ્યાર્થીઓએ આ સેમિનારમાં ભાગ લીધો હતો. જેમાં એફ.વાય.બી. એ ની વિદ્યાર્થીની 'સેલીના પરમાર' ને બેસ્ટ પ્રેઝન્ટેશનનો એવોર્ડ તેમજ સર્ટિફિકેટ પ્રાપ્ત થયેલ છે. જે કોલેજ માટે ખૂબ ગૌરવની વાત છે. બેસ્ટ પ્રેઝન્ટેશન માટે સેલિના  પરમારને આચાર્યશ્રી તેમજ કૉલેજ સ્ટાફ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.  આ પરિસંવાદમાં ડો.પ્રકાશભાઈ વિંછીયા તથા ડૉ.અર્પિતા ચાવડાએ વિવિધ ટેક્નિકલ સેશનમાં ચેરપર્સનની ભૂમિકા ભજવી હતી.















C. B. PATEL ARTS COLLEGE NADIAD ESTD - 1947

PRINCIPAL
C. B. PATEL ARTS COLLEGE
NADIAD 387 001

# સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ, નડિઆદ

## મનોવિજ્ઞાન વિભાગ

તા.20/05/2025

---

## ***મનોવિજ્ઞાનના પિતા વિલ્યમ વૂન્ટની જન્મજયંતીની ઉજવણી***

તા.20/08/2025 ના રોજ ધી નડીઆદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી.બી.પટેલ આર્ટસ કોલેજના આચાર્યશ્રી પ્રો.ડૉ.મહેન્દ્રકુમાર દવે સાહેબની પ્રેરણાથી મનોવિજ્ઞાનના પિતા વિલિયમ વૂન્ટની જન્મજયંતીની ઉજવણી ખૂબ ઉત્સાહભેર કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થિની મૈત્રી બારોટે કરેલ પ્રાર્થનાથી થઈ હતી. સેમ – 03 ની વિદ્યાર્થિની કુ.વૃંદા મહીડા, કુ.જાનુ મિસ્ત્રી, કુ.સાનિયા મલેક તથા અન્ય વિદ્યાર્થીઓએ વિલ્યમ વૂન્ટનો જન્મ, બાળપણ, મનોવિજ્ઞાન ક્ષેત્રે પ્રયોગશાળાની સ્થાપના, આંતર નિરીક્ષણ પદ્ધતિનો ઉદભવ તથા અન્ય મનોવિજ્ઞાનિક બાબતોની તલસ્પર્શી માહિતી આપી હતી. કોલેજના આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને વિલિયમ વૂન્ટએ કરેલ મનોવૈજ્ઞાનિક પ્રદાનોને સમજવાની અને સમાજ ઉપયોગી બનાવવાની હાકલ કરી હતી. મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ ડૉ. પ્રકાશભાઈ વિછીયાએ વિદ્યાર્થીઓને મનોવૈજ્ઞાનિકોના જીવન અને મનોવિજ્ઞાન ક્ષેત્રે આપેલ પ્રદાન સમજવાની અને વ્યક્તિત્વ વિકાસમાં વૂન્ટના સિધ્ધાંતો વણી લેવાની વાત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મનોવિજ્ઞાનની વિદ્યાર્થીની કુ.ગોપી ભીમાણીએ કર્યું હતું અને અંતમાં આભારવિધિ અંશ પટેલે કરી હતી.











C. B. PATEL ARTS COLLEGE
NADIAD
ESTD - 1947

PRINCIPAL
C. B. PATEL ARTS COLLEGE
NADIAD 387 001

# સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ, નડીઆદ

## મનોવિજ્ઞાન વિભાગ

## વિભાગીય વ્યાખ્યાન

---

## *વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ*

ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી. બી. પટેલ આર્ટસ કોલેજ, નડિયાદમાં સાયકોલોજી સેલ અંતર્ગત આજ તા. 10/09/2025 ના રોજ કોલેજના માન.આચાર્યશ્રી પ્રો.ડૉ. મહેન્દ્રકુમાર દવે સાહેબની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ"વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ" નિમિત્તે "આત્મહત્યા: એક અભિશાપ" વિષય પર ખૂબ સુંદર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં લાઈફલાઈન વેલનેસ સેન્ટરના સાયકોલોજીસ્ટ શ્રી અરવિંદસિંહ રાણા વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આત્મહત્યા એક અભિશાપ વ્યાખ્યાન અંતર્ગત યુવાનોમાં આત્મહત્યાની વધતી જતી ટકાવારી, તેના પાછળનાં કારણો તેમજ આત્મહત્યા નિવારવા માટે શું કરી શકાય? કઈ કઈ થેરાપીનો ઉપયોગ કરવામાં આવે છે તેમજ માનસિક સ્વાસ્થય જો સારું હશે તો આત્મહત્યાના વિચારો આવશે જ નહીં વગેરે વિષયને આવરી લઈને ખૂબ જ સુંદર અને સંવેદનશીલ બૌદ્ધિક વ્યાખ્યાન PPT પ્રેઝન્ટેશન દ્વારા આપ્યું હતું. કોલેજના માન.આચાર્યશ્રી અને આ કાર્યક્રમના અધ્યક્ષ એવા પ્રો.ડૉ. મહેન્દ્રકુમાર દવે સાહેબે અધ્યક્ષીય પ્રવચનમાં આત્મહત્યા નિવારણના ઉપાયો વિશે ખૂબ જ ઊંડાણપૂર્વક વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત સાયકોલોજી સેલના કન્વીનર ડૉ.અર્પિતાબેન ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન કુ.ગોપી ભીમાણીએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં સાયકોલોજી સેલના સભ્ય ડૉ. પરવીનબેન મનસુરીનો પણ સવિશેષ ફાળો રહેલ હતો. કાર્યક્રમના અંતમાં આભાર વિધિ ડૉ. સૂરજબેન વસાવા દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતમાં સમૂહમાં રાષ્ટ્રગાન કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કરાયો હતો.








C. B. PATEL ARTS COLLEGE
NADIAD
ESTD - 1947

**PRINCIPAL**
**C. B. PATEL ARTS COLLEGE**
**NADIAD 387 001**

# સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ, નડીઆદ

## મનોવિજ્ઞાન વિભાગ

## <u>ઓપન માઇક પ્રોગ્રામ</u>

તા.26/09/2025 ના રોજ સી.બી.પટેલ આર્ટસ કોલેજ, નડીઆદના મનોવિજ્ઞાન વિભાગ અને બિરલા ગૃપના સંયુક્ત ઉપક્રમે કોલેજના માન. આચાર્યશ્રી પ્રો.ડૉ.મહેન્દ્રકુમાર દવે સાહેબની પ્રેરણાથી ઓપન માઇક પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં માનસિક સ્વાસ્થ્યના સંદર્ભમાં મનોવિજ્ઞાન વિષયના વિદ્યાર્થીઓને પોતાના મનમાં ચાલતા વિચારોને નવું સ્વરૂપ આપી ગીત, ગઝલ, ટૂંકીવાર્તા, શાયરી કે હાસ્યાત્મકજોક્સ કહેવાની તક આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પોતાની આવડત મુજબ પોતાના વિચારો રજૂ કરી કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓમાં નવી ઊર્જા ભરી હતી. સ્ટેજ પર ક્યારેય ન બોલેલા વિદ્યાર્થીઓએ પણ પોતાના વિચારો આ ઓપન કાર્યક્રમમાં રજૂ કર્યા હતા. કેટલાક વિદ્યાર્થીઓએ શ્રોતાઓને ખૂબ હસાવ્યા.ઉલ્લેખનીય છે કે બિરલા ગ્રુપ સાથે સી. બી. પટેલ આર્ટસ કોલેજના MOU થયેલ છે. તે સંદર્ભમાં આ કાર્યક્રમની ગાઈડ લાઈન આપવામાં આવી હતી. તેની સાથે જ બીજા એક પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓને પુસ્તકાલય, એડમિન ઓફિસ, સ્ટાફ રૂમ, કૉલેજ ગાર્ડન વગેરે જગ્યાએ કેટલીક વસ્તુઓ છુપાવવામાં આવી હતી તે પાંચ વિદ્યાર્થીઓના ગૃપે આ વસ્તુઓ શોધવા માટે ખૂબ મહેનત કરી, તેના આધારે તેને લાઇબ્રેરીના જુદા જુદા વિભાગો, એડમીન ઓફિસની જુદી જુદી ફાઈલો, ગાર્ડનમાં રહેલા વૃક્ષો તથા સ્ટાફરૂમ વગેરેની વિશેષ માહિતી મેળવી હતી. છુપાયેલી વસ્તુઓ શોધીને લાવનારા ગ્રુપને બિરલા ગ્રુપ તરફથી પાણીની બોટલ ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.આચાર્યશ્રીએ આ પ્રસંગે પોતાને ખૂબ પ્રિય એવું ગીત પણ વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કર્યું હતું. મનોવિજ્ઞાન વિભાગના અધ્યાપક ડો. પ્રકાશભાઈ વિછીયા અને ડો.અર્પિતાબેન ચાવડાએ આ કાર્યક્રમની તૈયારીમાં ખૂબ મહત્વની ભૂમિકા ભજવી હતી.















C. B. PATEL ARTS COLLEGE NADIAD ESTD - 1947

PRINCIPAL
C. B. PATEL ARTS COLLEGE
NADIAD 387 001

# સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ, નડીઆદ

મનોવિજ્ઞાન વિભાગ અને સમાજશાસ્ત્ર વિભાગ

## એઈડ્સ અવરનેસ પ્રોગ્રામ

ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી. બી. પટેલ આર્ટસ કોલેજ નડિયાદમાં માન. આચાર્યશ્રી પ્રો. ડો. મહેન્દ્રકુમાર એ. દવે સાહેબના માર્ગદર્શન અને પ્રેરણા દ્વારા સમાજશાસ્ત્ર વિભાગ અને મનોવિજ્ઞાન વિભાગના સંયુક્ત ઉપક્રમે આજ તારીખ: 01/12/2025 "વિશ્વ એઈડ્સ દિન" નિમિત્તે એઈડ્સ જાગૃતતા અંગે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. કોલેજના આચાર્યશ્રી પ્રો. ડૉ. મહેન્દ્રકુમાર દવે સાહેબે આવા દિવસોની ઉજવણી કરવા બાબત હર્ષની લાગણી વ્યક્ત કરી અને વિદ્યાર્થીઓને એઈડ્સ જેવા ગંભીર રોગ અંગે જાગૃત રહેવા માટે માહિતી આપી. ડૉ. ભારતી એમ. પટેલે એઈડ્સના ઉદ્ભવ વિશે ઊંડાણપૂર્વક વાત કરી હતી.ડૉ. પ્રકાશભાઈ વિછીયાએ એઈડ્સ ફેલાવાના કારણો વિશે અને એઈડ્સ સંબંધિત સંસ્થાઓ વિશે વિદ્યાર્થીઓને જાગૃત કર્યા. ડૉ. પરવીનબેન મનસૂરીએ એઈડ્સ એટલે શું? એઈડ્સના ચિન્હો, એઈડ્સ શાના દ્વારા થતો નથી અને એના ઉપાયો વિશે માહિતી આપી હતી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ડૉ. અર્પિતાબેન ચાવડાએ કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને એઈડ્સ વિશે ઉદાહરણ દ્વારા માહિતી આપી હતી અને વિદ્યાર્થીઓએ પણ એઈડ્સ જાગૃતતા અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા.






C. B. PATEL ARTS COLLEGE
NADIAD
ESTD - 1947

PRINCIPAL
C. B. PATEL ARTS COLLEGE
NADIAD 387 001

# સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ, નડીઆદ

## મનોવિજ્ઞાન વિભાગ

# મંદબુદ્ધિ બાળદિને ચાર્ટ સ્પર્ધા

સી.બી.પટેલ આર્ટસ કોલેજ, નડિયાદના માન.આચાર્યશ્રી પ્રો.ડૉ. મહેન્દ્રકુમાર દવે સાહેબની પ્રેરણાથી મનોવિજ્ઞાન વિભાગ દ્વારા 'મંદબુદ્ધિ બાળદિને ચાર્ટ સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે 08 ડિસેમ્બરને મંદબુદ્ધિ બાળક દિન તરીકે ઉજવવામાં છે. આ દિવસે વિદ્યાર્થીઓને માનસિક નિમ્નતા હોવાનું કારણ જાણે અને આવા બાળકો પ્રત્યે સહાનુભૂતિ રાખે તેવી સલાહ આપવામાં આવી હતી. આ ચાર્ટ સ્પર્ધામાં કુ.તનીષા રોહિત, કુ. નિલમ ભરવાડ અને કુ. ઉર્વશી વાઘેલાએ બનાવેલ ચાર્ટને પ્રથમ નંબર, કુ. સાક્ષી પંડ્યા, કુ. પ્રફુલ્લા રાવલ અને કુ. તેજલ જોગહવાએ બનાવેલ ચાર્ટને દ્વિતીય તથા કુ. સેલિના પરમાર, કુ.રિદ્ધિ રાવલ, કુ. પાલક પંડ્યા અને કુ. આરતી પરમારે બનાવેલ ચાર્ટને તૃતીય નંબર આપવામાં આવ્યો હતો. આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને સમાજમાં રહેલ મંદબુદ્ધિ બાળકો પ્રત્યે અને તેના પરિવારનું યોગ્ય કાઉન્સેલિંગ કરવાનું સૂચન કર્યું હતું. મનોવિજ્ઞાન વિભાગના અધ્યાપક ડો. પ્રકાશભાઈ વિછીયા અને ડૉ.અર્પિતાબેન ચાવડા વિદ્યાર્થીઓને ચાર્ટ બનાવવાનું માર્ગદર્શન *આપ્યું હતું.*












C. B. PATEL ARTS COLLEGE
NADIAD
ESTD - 1947

**PRINCIPAL**
**C. B. PATEL ARTS COLLEGE**
**NADIAD 387 001**

# સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ, નડિઆદ

NSS Unit અને મનોવિજ્ઞાન વિભાગના સંયુક્ત ઉપક્રમે

## *વીર બાળદિનની ઉજવણી*

તા.26–12–2025


ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર અનુસાર સી.બી.પટેલ આર્ટસ કોલેજના આચાર્યશ્રી ડો.મહેન્દ્રકુમાર દવે સાહેબની પ્રેરણાથી NSS યુનિટ અને મનોવિજ્ઞાન વિભાગના સંયુક્ત ઉપક્રમે શીખગુરુ ગોવિંદસિંહજીના પુત્રો સાહિબજાદા બાબા જોરાવરસિંહજી અને બાબા ફતેહસિંહજીની યાદમાં ‘વીર બાળદિન’ ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે માત્ર 07 થી 09 વર્ષની ઉંમરે ધર્મના રક્ષણ માટે શહાદત કરનાર બાબા જોરાવરસિંહજી અને બાબા ફતેહસિંહજીની યાદમાં વિદ્યાર્થી વિરલ વાળંદ, કુ.ગોપી ભીમાણી, કુ.આસ્થા ઠાકર, કુ.વૈશાલી પરમાર, કૌશિક ચૌહાણ તથા અંશ પટેલે પોતાના વિચારો રજૂ કર્યા હતા. આચાર્યશ્રી ડો.મહેન્દ્રકુમાર દવે સાહેબે વિદ્યાર્થીઓને વીરત્વના સંદર્ભમાં દેશના રક્ષણ વિકાસના સંદર્ભમાં કાર્ય કરવાની હાંકલ કરી હતી. ડો.અર્પિતાબેન ચાવડાએ સમગ્ર કાર્યક્રમની આભરવીધી કરી હતી અને NSS પ્રોગ્રામ ઓફિસર તથા મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ ડો.પ્રકાશભાઈ વિછીયાએ સમગ્ર કાર્યક્રમનુ આયોજન કર્યું હતું.












C. B. PATEL ARTS COLLEGE
NADIAD
ESTD - 1947

**PRINCIPAL**
**C. B. PATEL ARTS COLLEGE**
**NADIAD 387 001**

# સી.બી.પટેલ આર્ટસ કોલેજ, નડિયાદ

## મનોવિજ્ઞાન વિભાગ

## સેમિનાર વિષય : કરિયર કાઉન્સેલિંગ પ્રોગ્રામ

---

તા.09/02/2026 ના રોજ સી.બી.પટેલ આર્ટસ કોલેજ નડિયાદના માન.આચાર્યશ્રી પ્રો.ડૉ.મહેન્દ્રકુમાર દવે સાહેબની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ મનોવિજ્ઞાન વિષયમાં કારકિર્દી અને વ્યવસાયિક માર્ગદર્શન વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. પાસે મહિનાને શરૂઆત સેમેસ્ટર -04 વિદ્યાર્થીનીઓ કુ. ગોપી ભીમાણી અને ભૂમિકા સોલંકી કરેલી પ્રાર્થનાથી કરવામાં આવી હતી. મુખ્ય વક્તા તરીકે આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ કપડવંજના મનોવિજ્ઞાન વિશે અધ્યાપકશ્રી ડો. અરવિંદ ગીરી અપારનાથી ઉપસ્થિત રહ્યા હતા. તેઓશ્રીએ મનોવિજ્ઞાન વિષયમાં વ્યવસાયિક તકો, કાઉન્સિલિંગ ક્ષેત્રે કારકિર્દી, ઉદ્યોગ ક્ષેત્રે તથા શિક્ષક તરીકે મનોવિજ્ઞાન વિષયમાં કારકિર્દી કેવી રીતે બનાવી શકાય તેની સુંદર માહિતી આપી હતી. આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને ભગવાન કૃષ્ણની જેમ શ્રેષ્ઠ કાઉન્સિલર બનવા માટે હાકલ કરી હતી. ઉપસ્થિત મહાનુભાવો નો શબ્દરૂપી સ્વાગત મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ ડૉ. પ્રકાશભાઈ વિછીયાએ કર્યું હતું આભાર વિધિ અધ્યાપક્ષ શ્રી ડો. અર્પિતાબેન ચાવડાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનો સંચાલન વિદ્યાર્થીની કુ. વિધિ કલ્પેશકુમાર સોનીએ કર્યું હતું.







C. B. PATEL ARTS COLLEGE
NADIAD
ESTD - 1947

**PRINCIPAL**
**C. B. PATEL ARTS COLLEGE**
**NADIAD 387 001**

# સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ, નડિયાદ
# મનોવિજ્ઞાન વિભાગ
# સેમિનાર વિષય : સંશોધન પધ્ધતિઓ

---

ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી. બી. પટેલ આર્ટ્સ કોલેજ, નડિયાદના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા તા.19/02/2026 ના રોજ આચાર્યશ્રીના માર્ગદર્શન અનુસાર **'**મનોવૈજ્ઞાનિક કસોટીઓ**'** (સંશોધનના સંદર્ભમાં) વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. સેમિનારાના મુખ્ય વક્તા તરીકે મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ ડો.પ્રકાશભાઈ વિછીયાએ મનોવૈજ્ઞાનિક કસોટીઓ એટલે શું ? મનોવૈજ્ઞાનિક કસોટીઓના પ્રકારો, કઈ મનોવૈજ્ઞાનિક કસોટી– ક્યાં ઉપયોગ કરી શકાય તેની સવિસ્તાર માહિતી આપી હતી. આ પ્રસંગે વ્યાવસાયિક કસોટીઓ અને કર્તુત્વ કસોટીઓની પણ સમજ આપવામાં આવી હતી. ડો.અર્પિતાબેન ચાવડાએ સમગ્ર સેમિનારનું આયોજન કર્યું હતું. કાર્યક્રમના અંતમાં આભારવિધિ સેમ–06 ની વિદ્યાર્થિનીએ કુ.નેન્સી પટેલે કરી હતી.




C. B. PATEL ARTS COLLEGE
NADIAD
ESTD - 1947

PRINCIPAL
C. B. PATEL ARTS COLLEGE
NADIAD 387 001

# સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ, નડિઆદ

મનોવિજ્ઞાન વિભાગ

# પોશમ-પા ફિલ્મ દર્શન કાર્યક્રમ

તા.12/03/2026

મનોવિજ્ઞાન વિભાગના ઉપક્રમે પોશમ–પા ફિલ્મ દર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. બિરલા ગૃપ સાથે થયેલ **MOU** ના સંદર્ભમાં વિદ્યાર્થીઓ માનસિક વિકૃતિઓ વિષે મહિતે મેળવે તે હેતુસર આ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું છે. પોશમ–પા ફિલ્મ દર્શન કાર્યક્રમની સપૂર્ણ વિગત નીછે મુજબ છે.

## 1. ફિલ્મ પરિચય

Posham Pa એક માનસિક ક્રાઇમ–ડ્રામા ફિલ્મ છે, જે 2019માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મનું નિર્દેશન સુમન મુખોપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું છે. ફિલ્મ વાસ્તવિક ઘટનાથી પ્રેરિત છે અને સમાજમાં માનસિક સ્વાસ્થ્ય અને અપરાધ વચ્ચેના સંબંધને દર્શાવે છે.

## 2.મુખ્ય કલાકારો

ફિલ્મમાં મુખ્ય ભૂમિકામાં નીચેના કલાકારો છે:

* Mahie Gill
* Sayani Gupta
* Ragini Khanna

તેમણે પોતાની ભૂમિકાઓ ખૂબ જ અસરકારક રીતે નિભાવેલી છે.

## 3. કથાસાર

ફિલ્મ બે બહેનોની કથા પર આધારિત છે, જે બાળપણમાં થયેલા શોષણ અને દુર્વ્યવહારના કારણે માનસિક રીતે અસ્વસ્થ બની જાય છે. તેમની માતા પણ માનસિક રીતે અસ્થિર હોય છે.

આ પરિસ્થિતિઓના કારણે તેઓ ગંભીર ગુનાઓ કરે છે. ફિલ્મમાં બતાવવામાં આવ્યું છે કે કેવી રીતે બાળપણના ટ્રોમા અને પરિવારિક પરિસ્થિતિઓ વ્યક્તિના વર્તનમાં અસર કરે છે.

## 4. મુખ્ય વિષય

* માનસિક સ્વાસ્થ્ય (Mental Health)
* બાળપણનો શોષણ (Child Abuse)
* અપરાધની માનસિકતા (Criminal Psychology)
* સમાજ અને પરિવારનો પ્રભાવ

## 5.ફિલ્મની વિશેષતાઓ

* વાસ્તવિક ઘટના પર આધારિત
* ગાઢ અને ગંભીર વિષય
* કલાકારોની શક્તિશાળી અભિનય
* સમાજને વિચારવા માટે મજબૂર કરે તેવી કથા

## 6.સંદેશ

ફિલ્મ આપણને શીખવે છે કે બાળપણમાં મળતી સંભાળ, પ્રેમ અને યોગ્ય માર્ગદર્શન ખૂબ જ મહત્વપૂર્ણ છે. જો તે ન મળે, તો તે વ્યક્તિના જીવનને ખોટી દિશામાં લઈ જઈ શકે છે.

## 7.નિષ્કર્ષ

Posham Pa એક ગંભીર અને વિચારપ્રેરક ફિલ્મ છે, જે સમાજના અંધકારમય પાસાઓને ઉજાગર કરે છે. આ ફિલ્મ માત્ર મનોરંજન માટે નહીં પરંતુ શીખવા અને સમજવા માટે મહત્વપૂર્ણ છે.








C. B. PATEL ARTS COLLEGE
NADIAD
ESTD - 1947

PRINCIPAL
C. B. PATEL ARTS COLLEGE
NADIAD 387 001

સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ, નડિઆદ

મનોવિજ્ઞાન વિભાગ

સ્પેશ્યલ ક્લાસ – 2025–26

# સ્પેશ્યલ ક્લાસ

તા.11/09/2025 ના રોજ આચાર્યશ્રી ડો.મહેન્દ્રકુમાર દવેસાહેબની પ્રેરણાથી special class નું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજમાં મનોવિજ્ઞાન વિષયમાં અભ્યાસ કરતા 50% ચક્ષુ દિવ્યાંગ વિદ્યાર્થી પ્રકાશ વાઘેલાને બોર્ડવર્કનું બરાબર નિરીક્ષણ થતું નથી. તેથી આ વિદ્યાર્થી માટે special class નું આયોજન કરી, પેપર–01 ના યુનિટ–03 નું શિક્ષણ વ્યક્તિગત ધોરણે આપવામાં આવ્યું હતું.







C. B. PATEL ARTS COLLEGE NADIAD ESTD - 1947

PRINCIPAL
C. B. PATEL ARTS COLLEGE
NADIAD 387 001

સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ, નડિઆદ

મનોવિજ્ઞાન વિભાગ

# રેમેડિયલ ક્લાસ

આચાર્યશ્રી ડો.મહેન્દ્રકુમાર દવેસાહેબની પ્રેરણાથી કોલેજમાં શૈક્ષણિક કાર્યનું સ્તર ઉચ્ચુ રહે અને વિદ્યાર્થીઓનો વિકાસ થાય એવા પ્રયત્નોના ભાગરૂપે મનોવિજ્ઞાન વિભાગ દ્વારા સેમ-01, 03 અને 05 ના વિદ્યાર્થીઓ માટે ડૉ. પ્રકાશભાઈ વિછીયા અને ડો.અર્પિતાબેન ચાવડા દ્વારા સમયાંતરે રેમેડિયલ ક્લાસનું આયોજન કરવામાં આવ્યું હતું. રેમેડીયલ ક્લાસનો ઉદ્દેશ્ય જે વિદ્યાર્થીઓને ક્લાસમાં કોઈ યુનિટ સંપૂર્ણ સમજાયેલ નથી એવા વિદ્યાર્થીઓને ફરીથી માર્ગદર્શન આપવાનો રહેલો છે. અભ્યાસમાં આવતા વિવિધ મુદ્દાઓની માહિતી લેકચર નંબર – 05 માં આપવામાં આવતી હતી. આ રેમેડિયલ ક્લાસમાં 08 થી 10 વિદ્યાર્થીઓ હાજર રહેતા હતા.















C. B. PATEL ARTS COLLEGE NADIAD ESTD - 1947

**PRINCIPAL**
**C. B. PATEL ARTS COLLEGE**
**NADIAD 387 001**

સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ, નડિઆદ


મનોવિજ્ઞાન વિભાગ

વાગ્વર્ધિની સભા

# પ્રથમ  વાગવર્ધિની સભા

તા. 09/07/2025 ના રોજ ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી. બી. પટેલ આર્ટસ કોલેજ, નડિયાદમાં આજરોજ તા. 09/07/2025 ના રોજ મનોવિજ્ઞાન વિભાગ દ્વારા વાગ્વર્ધિની સભાનું આયોજન કોલેજના આચાર્યશ્રી ડૉ. મહેન્દ્રકુમાર એ. દવે સાહેબના માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ કરવામાં આવેલ હતું. વિદ્યાર્થીઓમાં વાણી કૌશલ્ય વિકસે, આત્મવિશ્વાસ કેળવાય અને પોતાના વિચારો બીજાના સમક્ષ મૂકી શકે તેવા ઉમદા હેતુથી વાગ્વર્ધિની સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેમિસ્ટર– 1, સેમિસ્ટર– 3 અને સેમિસ્ટર 5 ના વિદ્યાર્થીઓએ મનોવિજ્ઞાન તેમજ અલગ અલગ વિષયો જેવા કે ડિસ્લેક્સીયા, વિશિષ્ટ (Special) બાળકો, રહસ્યમય દુનિયા, અધ્યાત્મ અને મનોવિજ્ઞાન, L,G,B,T,Q, નાણા ઉદ્યોગમાં કામ કરતા કર્મચારીઓનો અભ્યાસ વિશે સંક્ષિપ્તમાં રજૂઆત, માનસિક સ્વાસ્થ્ય પર સોશિયલ મીડિયાની અસર, સ્વામી વિવેકાનંદ, વિચારો રજૂ કર્યા. ડૉ. પ્રકાશભાઈ વિંછીયા અને ડૉ. અર્પિતા ચાવડા એ વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા. વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.






# દ્વિતીય વાગવર્ધિની સભા

ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી. બી. પટેલ આર્ટસ કોલેજ, નડિયાદમાં આજરોજ તા. 24/07/2025 ના રોજ મનોવિજ્ઞાન વિભાગ દ્વારા વાગ્વર્ધિની સભાનું આયોજન કોલેજના આચાર્યશ્રી ડૉ. મહેન્દ્રકુમાર એ. દવે સાહેબના માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ કરવામાં આવેલ હતું. વિદ્યાર્થીઓમાં વાણી કૌશલ્ય વિકસે, આત્મવિશ્વાસ કેળવાય અને પોતાના વિચારો બીજાના સમક્ષ મૂકી શકે તેવા ઉમદા હેતુથી વાગ્વર્ધિની સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેમિસ્ટર– 1, સેમિસ્ટર– 3 અને સેમિસ્ટર 5 ના વિદ્યાર્થીઓએ મનોવિજ્ઞાન તેમજ અલગ અલગ વિષયો જેવા કે C.G.I, ઓનલાઇન ગેમિંગ આજનું દુષણ,અધ્યાત્મગુરૂ મહંત સ્વામી મહારાજ, બાળ અપરાધના કારણો, સાયબર સિક્યુરિટી, કુંડળી નો યોગ, હોરર મુવી ની અસરો, મોબાઈલ નો ઉપયોગ અને દૂર ઉપયોગ, love with career, ધાર્મિકતા નું મનોવિજ્ઞાન જેવા રસપ્રદ વિષયો પર વિચારો રજૂ કર્યા. ડૉ. પ્રકાશભાઈ વિંછીયા અને ડૉ. અર્પિતા ચાવડા એ વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન સાનિયા મલેક દ્વારા કરવામાં આવ્યું હતું.અંત માં ડૉ. અર્પિતા ચાવડા એ આભારવિધિ કરી હતી.વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.















# તૃતીય વાગ્વર્ધિની સભા

ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી.બી.પટેલ આર્ટસ કોલેજ નડિયાદમાં આજરોજ તારીખ 13/08/2025 ના રોજ મનોવિજ્ઞાન વિભાગ દ્વારા વાગવર્ધીની સભાનું આયોજન કોલેજના આચાર્યશ્રી માનનીય ડૉ.મહેન્દ્રકુમાર એ દવે સાહેબના માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં વાણી કૌશલ્ય વિકસે, આત્મવિશ્વાસ કેળવાય અને પોતાના મૌલિક વિચારો બીજાની સમક્ષ મૂકી શકે તેવા ઉમદા હેતુથીઆ વાગવર્ધીની સભાનું આયોજન કરવામાં આવે છે. જેમાં સેમિસ્ટર 2 અને સેમેસ્ટર 4 ના વિદ્યાર્થીઓએ મનોવિજ્ઞાન તેમજ વિવિધ વિષયો જેવા કે, પરા મનોવિજ્ઞાન, વિષ્ણુ

ભગવાનનો વામન અવતાર, સલાહ મનોવિજ્ઞાન જેમાં તેના પ્રકારો તેનો ઉપયોગ, અભિજ્ઞાન શાકુંતલમ, જીવનમાં મોક્ષ કેવી રીતે મેળવવો? કેવી આધ્યાત્મિકતા વિદ્યાર્થીઓમાં આવે આધ્યાત્મિક રહસ્ય, સ્ટેચ્યુ ઓફ યુનિટી નો ઈતિહાસ, સ્વયં પર લાદવામાં આવતા અવરોધ, નાલંદા વિદ્યાપીઠ વિશે ચર્ચા તેમજ આપણા માઈન્ડને કઈ રીતે સેટ કરી શકાય જેવા વિવિધ વિષયો પર ખૂબ જ સુંદર પોતાના વિચારો રજૂ કર્યા હતા વિદ્યાર્થીઓએ પણ ખૂબ જ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. કાર્યક્રમમાં ડૉ .પ્રકાશભાઈ વિછીયા અને ડૉ .અર્પિતા ચાવડાએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ .અર્પિતા ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું







# ચતુર્થ વાગ્વર્ધિની સભા

ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી. બી. પટેલ આર્ટસ કોલેજ નડિયાદમાં તારીખ 22/08/2025 ના રોજ મનોવિજ્ઞાન વિભાગ દ્વારા વાગવર્ધીની સભા નું આયોજન કોલેજના આચાર્યશ્રી માનનીય ડૉ.મહેન્દ્રકુમાર દવે સાહેબના માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધારવો, મંચ પર બોલવાની હિંમત વિકસાવવી અને વિવિધ વિષયો વિશે જ્ઞાન વધારવાનું છે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ વિવિધ રસપ્રદ અને જ્ઞાનવર્ધક વિષયો પર પોતાના વિચારો રજૂ કર્યા. કેટલાક વિદ્યાર્થીઓએ પેરા નોર્મલ એક્ટિવિટી વિષય પર વાત કરી અને લોકોમાં રહેલી જિજ્ઞાસા તથા માન્યતાઓ તેમજ પ્રેરણા વિષય પસંદ કરી જીવનમાં આગળ વધવા માટે સકારાત્મક વિચારધારાનું મહત્વ, Self-Imposed Barrier ઘણી વખત વ્યક્તિ પોતે જ પોતાના મનમાં મર્યાદાઓ ઊભી કરે છે, જે સફળતા મેળવવામાં અવરોધરૂપ બને છે. જીવનમાં સફળતા કેવી રીતે મેળવવી વિષય પર પણ ઘણા ઉપયોગી વિચાર રજૂ થયા, જેમાં મહેનત, ધીરજ અને સતત પ્રયત્નનું મહત્વ દર્શાવવામાં આવ્યું. આ ઉપરાંત Overthinking અને તેની અસરો, વધારે વિચારવાથી થતી માનસિક તકલીફો તથા તેને ટાળવાના ઉપાયો વિશે માહિતી આપી. DID (Dissociative Identity Disorder) જેવા માનસિક વિષય પર પણ માહિતીસભર રજૂઆત કરવામાં આવી. સાંસ્કૃતિક અને ધાર્મિક વિષયોને પણ સ્થાન આપવામાં આવ્યું. ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ, શ્રીકૃષ્ણના જીવનના પ્રસંગો અને તેમના આદર્શો વિશે સુંદર રીતે સમજાવ્યું. દાનવીર કર્ણ તેમના દાન, પરાક્રમ અને મહાન વ્યક્તિત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો. વિજ્ઞાન સંબંધિત વિષયોમાં ગેલેક્સી વિષય પર બ્રહ્માંડની રચના અને તેની વિશાળતા વિશે માહિતી આપવામાં આવી. તેમજ જીવનમાં સત્યનું મહત્વ વિષય પર સત્યવાદિતાની મહત્તા અને તેના દ્વારા માનવ જીવનમાં આવતી શાંતિ અને વિશ્વાસ વિશે ચર્ચા કરવામાં આવી. આ રીતે વિવિધ વિષયો પર વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પોતાના વિચારો રજૂ કર્યા, જેના કારણે સમગ્ર કાર્યક્રમ જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયી રહ્યો. કાર્યક્રમના અંતે ડૉ. પ્રકાશભાઈ વિછીયા,ડૉ. અર્પિતા ચાવડા એ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા અને જણાવ્યું કે આવા કાર્યક્રમો વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ છે.આ "વાગવર્ધિની સભા" વિદ્યાર્થીઓ માટે ખૂબ ઉપયોગી સાબિત થઈ.





# પંચમી વાગ્વર્ધિની સભા

ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી.બી .પટેલ આર્ટસ કોલેજ, નડિયાદમાં તારીખ 03/09/2025 ના રોજ મનોવિજ્ઞાન વિભાગ દ્વારા વાગવર્ધીની  સભાનું આયોજન કોલેજના આચાર્યશ્રી માનનીય ડૉ.મહેન્દ્રકુમાર એ દવે સાહેબના માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના જ્ઞાનમાં વધારો થાય, વિચારશક્તિ વિકસે અને વિવિધ વિષયો વિશે જાગૃતિ વધે તે હેતુથી "વાગવર્ધિની" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ વિવિધ રસપ્રદ અને જ્ઞાનવર્ધક વિષયો પર પોતાના વિચારો રજૂ કર્યા. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ વિવિધ વિષયો જેવા કે, મનની અનંત શક્તિઓ પર પોતાના વિચારો રજૂ કરતાં જણાવ્યું કે મનુષ્યનું મન ખૂબ શક્તિશાળી છે. સકારાત્મક વિચાર, આત્મવિશ્વાસ અને સતત પ્રયત્નોથી માણસ પોતાના જીવનમાં મોટી સફળતા મેળવી શકે છે. ત્યારબાદ સ્મૃતિ  પર સમજાવવામાં આવ્યું કે નિયમિત અભ્યાસ, ધ્યાન અને યોગ્ય જીવનશૈલી દ્વારા સ્મૃતિ શક્તિ વધારી શકાય છે. વિદ્યાર્થીઓએ વિવિધ ઉદાહરણો દ્વારા સમજાવ્યું કે કેવી રીતે યાદશક્તિ જીવનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

અંધશ્રદ્ધા પર જણાવ્યું કે સમાજમાં રહેલી ખોટી માન્યતાઓ વિશે ચર્ચા કરી અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અપનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. આ વિષયે સૌને વિચારવા પ્રેર્યા. કાર્યક્રમમાં ધાર્મિક અને સાંસ્કૃતિક વિષયો પણ રજૂ કરવામાં આવ્યા. દ્વારકાધીશ વિશે વિદ્યાર્થીઓએ ભગવાન શ્રીકૃષ્ણના દ્વારકા સાથેના સંબંધ અને તેનું ઐતિહાસિક મહત્વ સમજાવ્યું. તેમજ મહાભારતની કથા વિષય દ્વારા મહાભારતમાંથી મળતા જીવનમૂલ્યો અને ધર્મના સંદેશ પર પ્રકાશ પાડવામાં આવ્યો.જ્યોતિષશાસ્ત્ર વિષય પર પણ વિદ્યાર્થીઓએ માહિતી આપી અને ભારતીય પરંપરામાં તેના સ્થાન વિશે સમજાવ્યું.પરિવારિક મૂલ્યોને ધ્યાનમાં રાખીને માતા–પિતા અને બાળકો વચ્ચેના સંબંધો વિષય પર ખૂબ સુંદર વિચારો રજૂ થયા. તેમાં પ્રેમ, સમજણ, સંવાદ અને સંસ્કારના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો.આધુનિક યુગને અનુરૂપ એઆઈ ટેકનોલોજી વિષય પર પણ વિદ્યાર્થીઓએ માહિતી આપી. આજના સમયમાં કૃત્રિમ બુદ્ધિમત્તા કેવી રીતે શિક્ષણ, આરોગ્ય અને રોજિંદા જીવનમાં ઉપયોગી બની રહી છે તે સમજાવવામાં આવ્યું. કાર્યક્રમ દરમિયાન મોટિવેશનલ સ્ટોરી દ્વારા વિદ્યાર્થીઓને જીવનમાં મહેનત, ધીરજ અને હિંમત રાખવાની પ્રેરણા આપવામાં આવી.તેમજ ગણપતિ વિસર્જનનો ઇતિહાસ વિષય પર પણ રસપ્રદ માહિતી રજૂ કરવામાં આવી. આ પરંપરાનું ધાર્મિક તેમજ સાંસ્કૃતિક મહત્વ સમજાવવામાં આવ્યું.આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓઆત્મવિશ્વાસપૂર્વક મંચ પર રજૂઆત કરી અને સૌનું ધ્યાન આકર્ષ્યું. કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં વક્તૃત્વકલા, જ્ઞાન અને

આત્મવિશ્વાસનો વિકાસ થયો. વિદ્યાર્થીઓએ ખૂબ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. કાર્યક્રમમાં ડોક્ટર પ્રકાશભાઈ વિછીયા અને ડોક્ટર અર્પિતા ચાવડાએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન તેમજ પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીની રોહિત તનિષા દ્વારા કરવામાં આવ્યું હતું.







# ષષ્ઠમી વાગ્વર્ધિની સભા

ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી. બી.પટેલ આર્ટસ કોલેજમાં તા. 10/09/2025 ના રોજ આચાર્યશ્રી માનનીય ડૉ.મહેન્દ્રકુમાર એ દવેસરની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ થાય એ હેતુ થી વાગવર્ધિની સભા યોજવામાં આવે છે. આ સભામાં વિદ્યાર્થીઓને મંચ પર આવી પોતાના વિચારો રજૂ કરવાની ઉત્તમ તક મળે છે. વિદ્યાર્થીઓ વિવિધ સામાજિક, શૈક્ષણિક અને પ્રેરણાદાયી વિષયો પર પોતાના વિચારો રજૂ કરે છે. જેના દ્વારા તેમના આત્મવિશ્વાસ, વક્તૃત્વ કળા અને વિચારશક્તિનો વિકાસ થાય છે. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ વિવિધ વિષયો જેવા કે,આત્મહત્યા નિવારણ પર વિદ્યાર્થીએ જીવનની મુશ્કેલીઓ સામે હિંમતથી લડવાની અને સકારાત્મક વિચારસરણી રાખવાની જરૂરિયાત સમજાવી. પાણીનું મહત્વ તે વિષય અંતર્ગત પાણી જીવન માટે કેટલું અનિવાર્ય છે અને પાણી બચાવવું દરેકની જવાબદારી છે તે અંગે માહિતી આપવામાં આવી.જેવી સંગત એવી રંગત વિષયમાં સારા મિત્રો અને સારા વાતાવરણનું જીવન પર પડતું અસરકારક પ્રભાવ સમજાવવામાં આવ્યું, નવરાત્રીનું મહત્વ આપણા સંસ્કૃતિમાં નવરાત્રીનું ધાર્મિક અને સામાજિક મહત્વ શું છે?,વહેમની આડઅસર દ્વારા અંધશ્રદ્ધા અને ખોટા માન્યતાઓથી દૂર રહેવાની પ્રેરણા આપવામાં આવી. ખોટા સામે પડકાર સત્ય માટે અવાજ ઉઠાવવો અને અન્યાય સામે નિડર બનીને ઉભા રહેવાની વાત કરવામાં આવી.શાળાનો ઈતિહાસ વિષયમાં શાળાની સ્થાપના, વિકાસ અને તેની સિદ્ધિઓ વિશે માહિતી આપવામાં આવી. બાળપણની મજા વિષયે બાળપણના નિર્દોષ આનંદ અને યાદોને સુંદર રીતે રજૂ કરવામાં આવી.તે ઉપરાંત વોટર મેન્યુફેક્ચર લો વિષયપર પણ વિદ્યાર્થીઓએ પાણીના સંચાલન અને તેના નિયમો વિશે માહિતી આપી.આ રીતે વિવિધ વિષયો પર થયેલી રજૂઆતો ખૂબ જ રસપ્રદ અને જ્ઞાનવર્ધક રહી. કાર્યક્રમમાં ડૉ.પ્રકાશભાઈ વિછીયા તેમજ ડૉ.અર્પિતા ચાવડાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ.અર્પિતા ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું વિદ્યાર્થીઓએ ખૂબ મોટી સંખ્યામાં આ કાર્યક્રમનો લાભ લીધો હતો.








# સપ્તમી વાગ્વર્ધિની સભા

ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી.બી.પટેલ આર્ટસ કોલેજ નડિયાદમાં આજરોજ તારીખ 29/11/2025  ના રોજ મનોવિજ્ઞાન વિભાગ દ્વારા વાગ વર્ધીની ની સભાનું આયોજન કોલેજના આચાર્યશ્રી માનનીય ડૉ.મહેન્દ્રકુમાર એ દવે સાહેબના માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં વાણી કૌશલ્ય વિકસે, આત્મવિશ્વાસ કેળવાય અને પોતાના મૌલિક વિચારો બીજાની સમક્ષ મૂકી શકે તેવા ઉમદા હેતુથીઆ વાગવર્ધીની  સભાનું આયોજન કરવામાં આવે છે.  જેમાં સેમિસ્ટર 2 અને સેમેસ્ટર 4 ના વિદ્યાર્થીઓએ મનોવિજ્ઞાન તેમજ વિવિધ વિષયો જેવા કે, મનનું શુદ્ધિકરણ, પેરાસાઇકોલોજી ના પ્રકારો, જીવનમાં સલાહ નું મહત્વ તેમજ સલાહ નું કાર્ય શું છે? આઉટ ઓફ ધ થીંકીંગ, અંધારી રાત અને સરસ્વતીચંદ્ર, ચિંતન, પાપ બુદ્ધિ અને ધર્મ બુદ્ધિ, શું ખરેખર માણસ ઝોમ્બી બની શકે છે? મનોવિજ્ઞાન નું મહત્વ જેવા વિવિધ વિષયો પર ખૂબ જ સુંદર પોતાના વિચારો રજૂ કર્યા હતા વિદ્યાર્થીઓએ પણ ખૂબ જ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. કાર્યક્રમમાં ડૉ .પ્રકાશભાઈ વિછીયા અને ડૉ .અર્પિતા ચાવડાએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ .અર્પિતા ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું.






# અષ્ટમી વાગ્વર્ધિની સભા

ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી બી પટેલ આર્ટસ કોલેજ નડિયાદમાં તા.23/12/2025 ના રોજ મનોવિજ્ઞાન વિભાગ દ્વારા વાગવર્ધીની સભાનું આયોજન કોલેજ ના આચાર્ય શ્રી માનનીય ડૉ.મહેન્દ્રકુમાર એ દવે સાહેબના માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ કરવામાં આવ્યું હતું વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ અને વક્તૃત્વ કૌશલ્ય વધારવા માટે નિયમિત રીતે "વાગવર્ધિની સભા"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ વિવિધ વિષયો જેવા કે, હોરર સ્ટોરી વિષય પર વાત કરતાં હોરર વાર્તાઓ કેવી રીતે માનવીના મનમાં ઉત્સુકતા અને રોમાંચ ઉભો કરે છે તે સમજાવ્યું, ઇંગ્લિશ મુવીની હિસ્ટ્રી વિશે માહિતી આપી અને હોલીવુડ ફિલ્મોનો વિકાસ તથા વિશ્વ પર તેનો પ્રભાવ સમજાવ્યો. અન્ય વિદ્યાર્થીએ કોફી વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી જેમાં કોફીનો ઈતિહાસ, તેના પ્રકારો અને આરોગ્ય પર તેની અસર વિશે રસપ્રદ વિગતો રજૂ કરી. પાપ બુદ્ધિ અને ધર્મ બુદ્ધિ સારા અને ખરાબ વિચાર વચ્ચેનો તફાવત સમજાવ્યો અને સદાચારનું મહત્વ સમજાવ્યું. તિહાર જેલ વિશે માહિતી આપી અને ભારતની સૌથી મોટી જેલ તરીકે તેની વ્યવસ્થા અને સુધારાત્મક પ્રવૃત્તિઓ વિશે જણાવ્યું. ત્યારબાદ મુવી વિશેનો ફોબિયા વિષય પર વાત કરતાં વિદ્યાર્થીએ કેટલાક લોકોને ફિલ્મોના દ્રશ્યો કે અવાજોથી કેમ ડર લાગે છે તેની ચર્ચા કરી. વૃદ્ધાશ્રમ વિષય પર વાત કરતાં સમાજમાં વૃદ્ધોના માન–સન્માન અને તેમની સંભાળ રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. આગળ ખાટુ શ્યામ બાબા ના ઇતિહાસ વિશે માહિતીસભર રજૂઆત કરવામાં આવી જેમાં તેમની ભક્તિ અને મહિમા વિશે ચર્ચા કરવામાં આવી.ખ્રિસ્તી ધર્મ વિશે માહિતી આપી અને તેની પરંપરા, માન્યતાઓ તથા માનવતા પર આધારિત સંદેશ વિશે સમજાવ્યું. અંતમાં ભગવદ ગીતા નું જીવનમાં મહત્વ વિષય પર સુંદર વિચાર રજૂ કરવામાં આવ્યા જેમાં ગીતા આપણને કર્તવ્ય, શાંતિ અને સકારાત્મક જીવન જીવવાની પ્રેરણા આપે છે તે વિષય પર સુંદર માહિતી આપી.આ રીતે વિવિધ વિષયો પર થયેલી રજૂઆતો વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક તથા પ્રેરણાદાયક સાબિત થઈ. કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, અભિવ્યક્તિ શક્તિ અને નવી માહિતી મેળવવાની ઉત્સુકતા વધતી જોવા મળી. ડૉ.પ્રકાશભાઈ વિછીયા ડૉ.અર્પિતા ચાવડાએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપીને પ્રોત્સાહિત કર્યા હતાસમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો.







# નવમી વાગ્વર્ધિની સભા

ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી.બી પટેલ આર્ટસ કોલેજ નડિયાદમાં તા.07/01/2026 ના રોજ મનોવિજ્ઞાન વિભાગ દ્વારા વાગ વર્ધીની સભા નું આયોજન કોલેજના આચાર્યશ્રી

માનનીય ડૉ.મહેન્દ્રકુમાર એ દવે સાહેબના માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં ભાષા કૌશલ વિકસે, વ્યક્તિત્વ વિકાસ, વક્તૃત્વ કળા અને જ્ઞાનમાં વધારો થાય એ હેતુથી "વાગવર્ધિની સભા"નું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ વિવિધ વિષયો પર અંદાજે પાંચ મિનિટનું વક્તવ્ય રજૂ કરે છે. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે છે અને નવી માહિતી મેળવવાની તક મળે છે.આ વખતની વાગવર્ધિની સભામાં વિવિધ રસપ્રદ અને જ્ઞાનવર્ધક વિષયો રજૂ કરવામાં આવ્યા હતા. જેમ કે, મોઢેરા સૂર્ય મંદિર વિશે માહિતી આપતા તેમણે મંદિરની સ્થાપત્ય કલા, ઐતિહાસિક મહત્વ અને ભારતની પ્રાચીન સંસ્કૃતિ વિશે સુંદર સમજ આપી.બીજા વિદ્યાર્થીએ કર્મના સિદ્ધાંત વિષય પર પોતાના વિચારો રજૂ કર્યા. તેમણે સમજાવ્યું કે માણસ જેવું કર્મ કરે છે તેવું જ તેને પરિણામ મળે છે, તેથી જીવનમાં સારા કર્મ કરવાનું મહત્વ ખૂબ છે. અન્ય વિદ્યાર્થી દ્વારા અંબાજી મંદિરના ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ વિશે વિગતવાર માહિતી આપી. દર વર્ષે લાખો ભક્તો અહીં દર્શન કરવા આવે છે અને આ સ્થળ ગુજરાતના મહત્વ પૂર્ણ તીર્થસ્થાનોમાંનું એક છે.એક વિદ્યાર્થીએ સ્વામી વિવેકાનંદના જીવન, વિચારો અને યુવાનો માટેના તેમના પ્રેરણાદાયી સંદેશ વિશે સુંદર રીતે રજૂઆત કરી. તેમના જીવનમાંથી પ્રેરણા લઈને જીવનમાં મહેનત અને આત્મવિશ્વાસ રાખવાની જરૂરિયાત સમજાવવામાં આવી. ત્યારે અન્ય વિદ્યાર્થીએ રાણીની વાવ વિશે માહિતી આપી. આ ઐતિહાસિક વાવ તેની અદભૂત કળા અને પ્રાચીન શિલ્પકામ માટે વિશ્વવિખ્યાત છે.

આ ઉપરાંત કેટલાક વિદ્યાર્થીઓએ પાગલપણું (માનસિક અસંતુલન) વિષય પર વાત કરી અને માનસિક આરોગ્યનું મહત્વ સમજાવ્યું. સમાજમાં માનસિક બીમારીઓ પ્રત્યે જાગૃતિ લાવવાની જરૂરિયાત પર ભાર મુકાયો.એક વિદ્યાર્થીએ નડિયાદના શેલ્ટર હાઉસ વિશે માહિતી આપી અને સમાજસેવામાં આવા સંસ્થાઓનું મહત્વ સમજાવ્યું. પછી મનોવિજ્ઞાનનો પરિચય અને શૈક્ષણિક મનોવિજ્ઞાન જેવા વિષયો પર પણ વિદ્યાર્થીઓએ રસપ્રદ માહિતી આપી. મનોવિજ્ઞાન માનવીના વર્તન, વિચારો અને ભાવનાઓને સમજવાનું વિજ્ઞાન છે, જ્યારે શૈક્ષણિક મનોવિજ્ઞાન શિક્ષણ પ્રક્રિયાને વધુ અસરકારક બનાવવામાં મદદ કરે છે. આ રીતે વિવિધ વિષયો પર થયેલી રજૂઆતો ખૂબ જ માહિતીપ્રદ અને પ્રેરણાદાયી રહી. કાર્યક્રમના અંતે કરન પરમાર દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ડૉ.પ્રકાશભાઈ વિંછીયા તેમજ ડૉ.અર્પિતા ચાવડાએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું અને આવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ખૂબ જરૂરી હોવાનું જણાવ્યું.આ રીતે વાગવર્ધિની સભા સફળતાપૂર્વક પૂર્ણ થઈ. વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.





# દસમી વાગ્વર્ધિની સભા

ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી. બી. પટેલ આર્ટસ કોલેજમાં તારીખ 29/01/2026 ના રોજ મનોવિજ્ઞાન વિભાગ દ્વારા વાગ વર્ધીની સભા નું આયોજન કોલેજના આચાર્યશ્રી માનનીય ડૉ.મહેન્દ્રકુમાર એ દવે સાહેબ ના માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં ભાષા કૌશલ વિકસે, વ્યક્તિત્વ વિકાસ, વકૃત્વ કળા અને જ્ઞાનમાં વધારો થાય એ હેતુથી વાગ વર્ધીની ની સભા નું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ વિવિધ વિષયો પર અંદાજે પાંચ મિનિટનું વક્તવ્ય

રજૂ કરે છે આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે છે અને નવી માહિતી મેળવવાની તક મળે છે આ વખતનની વાગ વર્ધીની સભામાં વિવિધ રસપ્રદ અને જ્ઞાનવર્ધક વિષયો રજૂ કરવામાં આવ્યા હતા જેમકે, સર્વપ્રથમ ગૌતમ તિવારી એ પેરા નોર્મલ એક્ટિવિટી વિશે માહિતી આપી. તેમણે લોકોમાં રહેલી જિજ્ઞાસા, રહસ્યમય ઘટનાઓ અને તેની પાછળના વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિશે સમજાવ્યું. ત્યારબાદ બીજા વિદ્યાર્થીએ રામદેવપીરનો ઈતિહાસ વિષે સુંદર માહિતી આપી અને તેમના જીવનના ચમત્કારો તેમજ લોકવિશ્વાસ વિશે વાત કરી.આગળના વક્તાએ તરણેતરનો મેળો વિષે માહિતી આપી. ગુજરાતની લોકસંસ્કૃતિ, પરંપરા અને મેળાની વિશેષતાઓ વિશે રસપ્રદ રીતે રજૂઆત કરી. ત્યારબાદ મહેનત સામે ભાગ્ય વિષય પર ભાષણ આપવામાં આવ્યું જેમાં જીવનમાં સફળતા મેળવવા માટે મહેનતનું મહત્વ સમજાવવામાં આવ્યું.

પછીના વક્તાએ Google વિશે માહિતી આપી. Google કેવી રીતે શરૂ થયું, આજના સમયમાં તેનો ઉપયોગ શિક્ષણ અને માહિતી મેળવવામાં કેટલો મહત્વનો છે તે સમજાવ્યું. ત્યારબાદ તાજમહેલનો ઈતિહાસ વિષય પર સુંદર રજૂઆત કરવામાં આવી જેમાં શાહજહાં અને મુમતાજની પ્રેમકથા તથા તાજમહેલની સ્થાપત્યકળા વિશે માહિતી આપવામાં આવી. આગળના વિદ્યાર્થીએ મનોવિજ્ઞાનની ઉપયોગિતા વિષે વાત કરી અને દૈનિક જીવનમાં માનસશાસ્ત્ર કેવી રીતે ઉપયોગી બને છે તે સમજાવ્યું. ત્યારબાદ નિંદા વિષય પર સમજ આપી જેમાં નિંદાના નકારાત્મક પ્રભાવ અને સકારાત્મક વિચારોનું મહત્વ સમજાવાયું.

પછી Creature Movie વિષય પર રસપ્રદ માહિતી આપવામાં આવી જેમાં આવી ફિલ્મોના પ્રકાર અને લોકોમાં ઉત્સુકતા કેમ રહે છે તે સમજાવાયું. અંતમાં વક્તાએ રામદેવપીરનું બાળપણ વિષે માહિતી આપી અને તેમના જીવનના પ્રેરણાદાયી પ્રસંગો રજૂ કર્યા.

આ રીતે યોજાયેલી વાગવર્ધિની સભા ખૂબ જ રસપ્રદ અને જ્ઞાનવર્ધક રહી. વિદ્યાર્થીઓએ આત્મવિશ્વાસ સાથે પોતાના વિચારો વ્યક્ત કર્યા અને સૌને નવી માહિતી મળી. કાર્યક્રમના અંતે ડૉ. અર્પિતા ચાવડાએ આભાર વિધિ કરી. આ કાર્યક્રમમાં ડૉ .પ્રકાશભાઈ વિછીયા તેમાં ડૉ.અર્પિતા ચાવડાએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું અને આવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ખૂબ જરૂરી હોવાનું જણાવ્યું. આ રીતે વાગ વર્ધીની ની સભા સફળતાપૂર્વક પૂર્ણ થઈ વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં લાભ લીધો.









# અગિયારમી વાગ્વર્ધિની સભા

ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી.બી. પટેલ આર્ટસ કોલેજમાં તારીખ 18/02/2026 ના રોજ મનોવિજ્ઞાન વિભાગ દ્વારા વાગવર્ધીની ની સભા નું આયોજન કોલેજના આચાર્યશ્રી માનનીય ડૉ.મહેન્દ્રકુમાર એ દવે સાહેબના માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં ભાષા કૌશલ વિકસે,વ્યક્તિત્વ વિકાસ થાય ,વકૃત્વ કળા અને જ્ઞાનમાં વધારો થાય એ હેતુ થી વાગ વર્ધીની ની સભા નું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ વિવિધ વિષય પર અંદાજે પાંચ મિનિટનું વક્તવ્ય રજૂ કરે છે આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે છે અને નવી માહિતી મેળવવાની તક મળે છે આ વખતની વાગ વિધિની ની સભામાં વિવિધ રસપ્રદ અને જ્ઞાનવર્ધક વિષયો રજૂ કરવામાં આવ્યા હતા જેમકે, વિજ્ઞાનની સિદ્ધિઓ વિશે વક્તાએ આધુનિક વિજ્ઞાનના વિકાસ, ટેકનોલોજી, દવાઓ, અવકાશ સંશોધન અને માનવજીવનને સરળ બનાવનાર શોધો વિશે માહિતી આપી. ત્યારબાદ રાણી લક્ષ્મીબાઈ

વિષય પર ભાષણ રજૂ થયું જેમાં તેમના શૌર્ય, દેશપ્રેમ અને 1857ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં આપેલા યોગદાન વિશે ચર્ચા કરવામાં આવી. ત્યારબાદ એક વિદ્યાર્થીએ નોર્વે દેશ વિશે માહિતી આપી. નોર્વેની પ્રાકૃતિક સુંદરતા, સંસ્કૃતિ, જીવનશૈલી અને વિકાસ વિશે રસપ્રદ વિગતો રજૂ કરી. ત્યારબાદ રહસ્યમય દુનિયા વિષય પર વાત કરવામાં આવી જેમાં દુનિયાભરના અજાણ્યા અને રહસ્યમય બનાવો વિશે ચર્ચા કરવામાં આવી.આગળના વક્તાએ સફળતા વિષય પર પ્રેરણાત્મક વિચારો રજૂ કર્યા. મહેનત, ધીરજ, સકારાત્મક વિચારસરણી અને લક્ષ્ય પ્રત્યેની પ્રતિબદ્ધતા સફળતા માટે કેટલા જરૂરી છે તે સમજાવ્યું. ત્યારબાદ મહારાણા પ્રતાપ વિષય પર ભાષણ થયું જેમાં તેમના પરાક્રમ, સ્વાભિમાન અને દેશપ્રેમ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી.  બીજા એક વિદ્યાર્થીએ કુવૈતના લગ્ન (Wedding of Kuwait) વિષય પર વાત કરી જેમાં ત્યાંની પરંપરા, સંસ્કૃતિ અને લગ્નવિધિ વિશે રસપ્રદ માહિતી રજૂ કરી. ત્યારબાદ વૃદ્ધાશ્રમ વિશે વાત કરતા જણાવ્યું કે  આજના સમાજમાં વૃદ્ધાશ્રમોની જરૂરિયાત, વૃદ્ધોની સંભાળ અને પરિવારના મહત્વ વિશે ચર્ચા કરવામાં આવી.પછી બોધકથા દ્વારા નૈતિક સંદેશ આપવામાં આવ્યો. આ કથાએ જીવનમાં સદાચાર, સચ્ચાઈ અને સારા વર્તનનું મહત્વ સમજાવ્યું. અંતમાં તાર્કિક મનોવિજ્ઞાન વિષય પર ભાષણ રજૂ થયું જેમાં માનવીના વિચારો, નિર્ણય પ્રક્રિયા અને તર્કશક્તિ વિશે માહિતી આપવામાં આવી. આ રીતે વાગવર્ધિની સભા જ્ઞાન, પ્રેરણા અને વિચારવિમર્શથી ભરપૂર રહી. વિદ્યાર્થીઓને નવા વિષયો વિશે જાણવાની અને મંચ પર પોતાની વાત રજૂ કરવાની સુંદર તક મળી. કાર્યક્રમના અંતમાં ડૉ .પ્રકાશભાઈ વિછીયાએ આભાર વિધિ કરી. ડૉ.પ્રકાશભાઈ વિછીયા તેમજ ડૉ .અર્પિતા ચાવડાએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કર્યા.કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો.






C. B. PATEL ARTS COLLEGE
NADIAD
ESTD - 1947

PRINCIPAL
C. B. PATEL ARTS COLLEGE
NADIAD 387 001

સી.બી.પટેલ આટ્ર્સ કોલેજ, નડિઆદ


મનોવિજ્ઞાન વિભાગ

સહઅભ્યાસિક પદ્ધતિ/મેથડ – 2025–26

સી.બી.પટેલ આટ્ર્સ કોલેજના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા વર્ષ–2025–26 માં અભ્યાસને વિશિષ્ટ અને વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે અભ્યાસ સલગ્ન અનેકવિધ અભ્યાસિક પદ્ધતિઓ/મેથડ અપનાવી શિક્ષણને અસરકારક બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આચાર્યશ્રી પ્રો.ડો.મહેન્દ્રકુમાર દવે સાહેબે આ માટે પ્રેરણા અને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. મનોવિજ્ઞાનના અધ્યાપક ડો.પ્રકાશભાઈ વિછીયા અને ડો.અર્પિતાબેન ચાવડાએ સુંદર રીતે તેનું અમલીકરણ કર્યું હતું.

## **પ્રોજેક્ટ**









# निदर्शन पद्धति











# અસાઇન્મેટ



# નાટ્યકારણ દ્વારા શિક્ષણ







# વિદ્યાર્થી સેમિનાર












## મનોવૈજ્ઞાનિક પ્રયોગ કરતાં વિદ્યાર્થીઓ
















## PPT દ્વારા શિક્ષણ





કોલેજ સમય બાદ ઓનલાઈન ક્લાસ










# ઈન્ટર્નશિપ







# નેશનલ ઈન્ટરનેશનલ સેમિનારમાં વિદ્યાર્થીઓ





દિવ્ય ભાસ્કર ખેડા નડિયાદ 10-09-2025

**વિશ્વ આત્મહત્યા નિવારણ દિન** • માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ અભિયાન સમાજના દરેક વર્ગ માટે જરૂરી છે

## શાળા, કોલેજ અને સમાજમાં માનસિક સ્વાસ્થ્ય અંગે ચર્ચા કરવા માટે સેમિનાર અને કેમ્પ યોજવા જોઇએ

દિવ્ય ભાસ્કર ખેડા નડિયાદ 19-08-2025

**ભાસ્કર વિશેષ** સોશિયલ મીડિયાની માનસિક સ્વાસ્થ્ય પર 'આડ અસર' અંગે નડિયાદની વિદ્યાર્થિનીનું સંશોધન

## ચરોતરના 81 ટકા વપરાશકર્તા માને છે કે સોશિયલ મીડિયાની માનસિક સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર

ગુજરાત ટુડે AHMEDABAD ગુરૂવાર તા.૨૧-૮-૨૦૨૫

### નડિયાદની વિદ્યાર્થિની સાનિયા મલેકનો મનોવૈજ્ઞાનિક સર્વે

## સોશિયલ મીડિયાનો વધુ પડતો ઉપયોગ માનસિક સ્વાસ્થ્ય માટે હાનિકારક

### ૮૦.૩% લોકો એવું માને છે કે, સોશિયલ મીડિયાનો વધુ પડતો ઉપયોગ જીવનમાં ચિંતા કે તણાવનું કારણ બની જાય છે

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૨૦

નડિયાદ કોલેજમાં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીએ સોશિયલ મીડિયાની માનવ જીવન પર કેવી અસર પડે છે તેનું સર્વે હાથ ધર્યું હતું જેમાં ૮૭ ટકા લોકો એવું માને છે કે સોશિયલ મીડિયાની માનસિક સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર પડે છે જેના કારણે માનસિક સ્વાસ્થય જોખમાય છે. ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી.બી.પટેલ આર્ટસ કોલેજ નડિયાદ મનોવિજ્ઞાન વિભાગમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની મલેક સાનિયાએ 'માનસિક સ્વાસ્થ્ય પર સોશિયલ મીડિયાની અસરના સંદર્ભમા' એક સર્વે હાથ ધર્યો હતો. જેમાં તલસ્પર્શી અને ચોંકાવનારા આંકડાઓ જોવા



મળ્યા છે. આ સંશોધન કોલેજના આચાર્ય પ્રો. ડો. મહેન્દ્રકુમાર દવેની પ્રેરણાથી કરવામાં આવ્યું હતું અને પ્રો. ડો. પ્રકાશભાઈ વિંછીયા અને પ્રો. ડો. અર્પિતાબેન ચાવડાએ યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ સંશોધનમાં કુલ ૧૫૦ લોકોનો સમાવેશ થયો હતો જેમાં ૪૨.૬% પુરૂષો અને ૫૬.૮% સ્ત્રીઓને સમાવેશ કરાયો હતો. આ સંશોધનનો હેતુ એટલું જ હતો કે, સોશિયલ મીડિયા વ્યક્તિના માનસિક સ્વાસ્થ્ય પર અસર કરે છે કે કેમ ? તે બાબતનો હતો. જેમાં તલસ્પર્શી તારણો બહાર આવ્યા છે. આ અભ્યાસમાં વ્યક્તિના માનસિક સ્વાસ્થ્ય પર બે અસરો થતી જોવા મળી, જેમાં સકારાત્મક અને નકારાત્મક છે. આ સંશોધનમાં જાણવા મળ્યું કે, ૯૦.૪%લોકો સોશિયલ મીડિયા સાથે જોડાયેલા છે. જેમાંથી ૮૧% લોકો માને છે કે, સોશિયલ મીડિયાની માનસિક સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર કરે છે અને ૧૯% લોકો એવું માને છે કે, સોશિયલ મીડિયાની માનસિક સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર થતી નથી. ૮૭.૮% લોકોનો અભિપ્રાય છે કે સોશિયલ મીડિયાના વધુ પડતા ઉપયોગથી શારીરિક સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર થાય છે. ૭૨.૬% લોકો સોશિયલ મીડિયા પર પોતાની ઓળખ છુપાવતા નથી. કોઈપણ જગ્યાએ પોતાની ઓળખ છુપાવવી એ પણ એક માનસિક બિમારી જ છે. આ સાથે સાથે ૮૭.૬ ટકા લોકો દર્શાવે છે કે તે સોશિયલ મીડિયાની નકારાત્મક બાબતોનો શિકાર બન્યા છે. જેમ કે અશ્લિલ વિડિઓ કે ફોટો જોવા, પૈસા ઉઠાંતરી, મિત્રએ ઓળખ છુપાવેલ હોય વગેરે. ૪૨.૯% લોકો સોશિયલ મીડિયાના ઉપયોગ પછી ચિંતા કે તણાવનો અનુભવ કરે છે. ૬૯.૯% લોકોનો અભિપ્રાય છે કે, સોશિયલ મીડિયાનો જરૂરિયાત કરતાં વધારે ઉપયોગ કરવો નહીં. ૮૦.૩% લોકો એવું માને છે કે, સોશિયલ મીડિયાનો વધુ પડતો ઉપયોગ જીવનમાં ચિંતા કે તણાવનું કારણ બની જાય છે. ૨૭.૬% લોકો સોશિયલ મીડિયા પર પોતાની સરખામણી બીજા સાથે કરતા હોય છે. સંશોધનના સૂચનો તરફ જોઈએ તો, યુવાનોએ પોતાના જીવનના ઘડતર માટે સોશિયલ મીડિયાનો વધુ પડતો ઉપયોગ કરવો જોઈએ નહીં. યુવાનોએ સોશિયલ મીડિયાના ઉપયોગમાં આવતી એપ્લિકેશનનો ઉપયોગ ઘટાડવો જોઈએ. સોશિયલ મીડિયાનો વધુ પડતો ઉપયોગ માનસિક સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર કરે છે સોશિયલ મીડિયાનઆ વધુ પડતા ઉપયોગથી કેટલીક શારીરિક સમસ્યા પણ થાય છે જેમ કે, આંખો દુઃખવી, માથું દુખવું. સોશિયલ મીડિયાનો સાવચેતી પૂર્વક ઉપયોગ કરવો જોઈએ.

## નડિયાદ : કોલેજની વિદ્યાર્થિની સુહાના પઠાણે ફિલ્મોથી વ્યક્તિ પર પડતી અસરો વિશે સર્વે કર્યો



ગુજરાત ટુડે આરીફ મલેક 9904272234

દિવ્ય ભાસ્કર ખેડા નડિયાદ 08-09-2025

**ભાસ્કર વિશેષ** સી.બી.પટેલ આર્ટસ કોલેજની છાત્રાનો ફિલ્મ જોવાની મનોવૈજ્ઞાનિક અસરોનો અભ્યાસ

## 81% યુવાનોએ સ્વીકાર્યું કે ફિલ્મો વ્યક્તિત્વ પર અસર કરે છે, 47% માને છે કે સામાજિક મૂલ્યો બદલાય છે

lok.samasya and 2 others
thepov_media • Original audio




656 • View insights

Liked by sohang_thakor_ and others
lok.samasya Nadiad | C B PATEL આર્ટસ કોલેજ ની વિદ્યાર્થિની વિધિ સોનીનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ: 92.3% લોકો માને છે, હાલરડાં બાળકની ઊંઘની ગુણવત્તા વધારે છે, હાલરડાં માતા-બાળકના લાગણીસભર સંબંધને મજબૂત કરે છે.

**મંચભય અને તેની અસર: 60.4 % વિદ્યાર્થીઓને જાહેરમાં બોલવાનો ડર, મનોવિજ્ઞાનની વિદ્યાર્થિનીએ કરેલા સર્વેમાં ખુલાસો**

નડિયાદ | 4 કલાક પહેલાં



શેર

21મી સદીમાં વ્યવસાયિક, શિક્ષણ અને સામાજિક જીવનના દરેક ક્ષેત્રમાં સ્પષ્ટ સંવાદ અને વ્યક્તિત્વ કૌશલ્યનું મહત્વ વધી ગયું છે. આજે વિદ્યાર્થીઓની સફળતા માત્ર પાઠ્યપુસ્તક પર આધારિત નથી. વ્યક્તિત્વ વિકાસ, સાર્વજનિક સંવાદ કૌશલ્ય અને અભિવ્યક્તિની ક્ષમતા એટલી જ મહત્વની છે.

Update ready Install

મનોવિજ્ઞાનની વિદ્યાર્થિની શ્વેતા પ્રજાપતિએ 'મંચભય અને તેની ભાવાત્મક તથા શૈક્ષણિક અસર' વિષય પર એક સર્વે



વૃદ્ધાવસ્થાનો વિલાપ : બદલાતી, હાઈટેક જીવનશૈલી અને પરિવારના તિરસ્કારને કારણે ઘરના આંગણાને બદલે સમાજમાં વૃદ્ધાશ્રમોના ઉંબરા વધ્યા

# નડિયાદની સી.બી. પટેલ આર્ટ્સ કોલેજની વિદ્યાર્થિનીએ કર્યો મનોવૈજ્ઞાનિક સર્વે

## ૭૦% વડીલો સંતાનોના તિરસ્કારને કારણે આશ્રમમાં આશરો લેવા મજબૂર, શહેરી સંસ્કૃતિમાં જવાબદારીઓથી બચવાની વૃત્તિ વધી

નડિયાદ, તા.૦૯

સી.બી. પટેલ આર્ટ્સ કોલેજની મનોવિજ્ઞાન વિભાગની વિદ્યાર્થિની વિધિ ચૌહાણ દ્વારા હાથ ધરવામાં આવેલા એક સર્વેક્ષણમાં આધુનિક સમાજની વરવી વાસ્તવિકતા સામે આવી છે. 'વૃદ્ધાશ્રમ પ્રત્યે લોકોની માનસિકતા' વિષય પરના આ સંશોધનમાં ખુલાસો થયો છે કે, આધુનિક જીવનશૈલી અને પારિવારિક સંબંધોમાં આવતી કડવાશ વૃદ્ધાશ્રમોની વધતી સંખ્યા માટે મુખ્યત્વે જવાબદાર છે. આચાર્ય પ્રો. ડો. મહેન્દ્રકુમાર દવેના પ્રોત્સાહન અને ડો. પ્રકાશભાઈ વિછીયા તેમજ ડો. અર્પિતાબેન ચાવડાના માર્ગદર્શન હેઠળ થયેલો આ અભ્યાસ સમાજમાં વડીલોની સ્થિતિ પર ગંભીર પ્રશ્નાર્થ ચિન્હો ઉભા કરે છે. સંશોધનના આંકડાકીય તારણો મુજબ, ૫૨.૬૦% લોકો વૃદ્ધાશ્રમોના અસ્તિત્વ પાછળ પરિવારમાંથી મળતા તિરસ્કારને જવાબદાર માને છે, જ્યારે ૧૫.૪૦% લોકોના મતે બાળકોની અતિ વ્યસ્ત જીવનશૈલી આ માટે નિમિત્ત બને છે. અભ્યાસમાં એવું પણ તારણ નીકળ્યું છે કે ૭૦.૫૦% વડીલો સંતાનો દ્વારા થતી ઉપેક્ષાને કારણે આશ્રમનો સહારો લેવા મજબૂર બને છે. જોકે, સામાજિક રીતે ૫૪.૫૦% લોકો વૃદ્ધાશ્રમને એક અનિવાર્ય વિકલ્પ તરીકે સ્વીકારે છે, જેથી તરછોડાયેલા વૃદ્ધોને સુરક્ષિત આશરો મળી રહે.

વૃદ્ધાશ્રમમાં રહેતા વડીલોની માનસિક અવસ્થા અંગે ૭૮.૮૦% લોકોનું માનવું છે કે ઘરથી દૂર રહીને તેઓ ક્યારેય સુખ અનુભવી શકતા નથી. અંદાજે ૬૦.૩૦% લોકો પરિવારથી વિખૂટા પડવાના દુઃખને અને ૩૯.૭૦% લોકો સંવેદનાની ઉણપ તથા એકલતાને વૃદ્ધોની પીડાનું મુખ્ય કારણ ગણાવે છે. જવાબદારીના મુદ્દે થયેલા સર્વેક્ષણમાં ૬૫.૮૦% યુવાનોમાં પોતાના વડીલો પ્રત્યેની જવાબદારીમાંથી છટકવાની વૃત્તિ જોવા મળી છે. આ ઉપરાંત, ૮૩.૪૦% લોકોના મતે આર્થિક રીતે સધ્ધર વર્ગમાં વડીલોને વૃદ્ધાશ્રમમાં મોકલવાનું પ્રમાણ વધુ છે, જ્યારે ૬૦.૯૦% લોકો આ સ્થિતિ માટે પુત્રવધૂની ભૂમિકાને જવાબદાર ગણે છે.



(તસવીર : રાજુ મહંત, નડીઆદ)

સામાજિક જાગૃતિના પાસા પર પ્રકાશ પાડતા ૭૧.૨૦% લોકોએ મત આપ્યો છે કે સરકાર અને સંસ્થાઓએ વૃદ્ધાશ્રમોની સંખ્યા વધારવાને બદલે પરિવારમાં સુમેળ જળવાય તેવા કાર્યક્રમો કરવા જોઈએ. શિક્ષણ જગતમાં ૯૦.૩૦% લોકો વડીલોના મહત્વ અંગેના મૂલ્યલક્ષી શિક્ષણને અનિવાર્ય માને છે. અભ્યાસમાં એ પણ નોંધવામાં આવ્યું છે કે વૃદ્ધાશ્રમની જરૂરિયાત ગ્રામીણ વિસ્તારો (૯.૨૦%) ની સરખામણીએ શહેરોમાં (૯૦.૮૦%) નોંધપાત્ર રીતે વધારે છે. ૮૯.૬% લોકોએ યુવાનોને વૃદ્ધાશ્રમની મુલાકાત લેવા અનુરોધ કર્યો છે જેથી તેઓ વડીલોની વાસ્તવિક સ્થિતિ સમજી શકે. અંતે, ૭૪.૮૦% લોકો હજુ પણ વૃદ્ધાશ્રમ કરતા ઘરે જ વડીલોની સેવા કરવાને શ્રેષ્ઠ માને છે.

કરાઈ છે. જેના સૌ દર્શન કરી ધન્યતા અનુભવે છે. ઘઉં, ચોખાનો જથ્થો આપવામાં જોઇએ.

# બાળ ઉછેર પર થતી હાલરડાની વિવિધ અસરો પર નડિયાદની વિદ્યાર્થિનીએ કર્યો સર્વે

## માતા હાલરડું ગાય છે ત્યારે માતા અને બાળકમાં કોર્ટીસોલ નામનો તણાવનો હોર્મોન ઘટે છે

આણંદ, તા. ૨૨

દિકરો મારો લાડકવાયો... જેવા ઘણા હાલરડાં મુખથી ગવાતા બંધ થઈ ગયા છે. હવે તો મોબાઈલ પર રેડીમેડ હાલરડાં.. જોવા મળે છે અને તેના દ્વારા જ બાળકોને સુવડાવવામાં આવે છે. 'બાળઉછેર પર થતી હાલરડાંની વિવિધ અસરો પર નડિયાદ સી.બી.પટેલ આર્ટ્સ કોલેજની મનોવિજ્ઞાન વિષયમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની વિધિ સોનીએ ખાસ સર્વે કર્યો છે જેમાં તલસ્પર્શી તારણો બહાર આવ્યા છે. ૧૩૦માંથી ૯૦.૮ ટકા સંતાનોના માતા-પિતા, નાના-નાની, દાદા-દાદી 'આજે હાલરડાં યૂટ્યૂબ કે મોબાઈલ એપ્લિકેશન દ્વારા બાળકોને સાંભળાવતાં હોવાનું આ સર્વેમાં બહાર આવ્યું છે.



સી.બી. પટેલ આર્ટ્સ, કોલેજ નડિયાદની મનોવિજ્ઞાન વિષયમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની વિધિ સોનીએ 'બાળ ઉછેર પર થતી હાલરડાંની અસરનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ' આચાર્ય પ્રો.ડૉ. મહેન્દ્રકુમાર દવેની પ્રેરણાથી કર્યો છે. આ સંશોધન માટે ડૉ. પ્રકાશભાઈ વિછીયા અને ડૉ. અર્પિતાબેન ચાવડાએ જરૂરી માર્ગદર્શન પુરુ પાડ્યું હતું.

ગુગલ ફોર્મ દ્વારા સર્વે કરી અભ્યાસ કરાયેલા આ સંશોધનના પરિણામો પર એક નજક કરીએ તો, ૮૮.૫ ટકા લોકોએ બાળપણમાં હાલરડું સાંભળ્યું છે અને ૧૧.૫ ટકા લોકોએ બાળપણમાં હાલરડું સાંભળ્યું નથી. હાલરડુંએ સંગીતનું જ સ્વરૂપ છે. જે માતા-પિતા અથવા સંભાળ આપનાર વ્યક્તિઓ દ્વારા નાના બાળકોને ઊંઘવાના સમય દરમિયાન સંભળાવવમાં આવે છે. માટે મોટાભાગના વ્યક્તિઓએ બાળપણમાં હાલરડું સાંભળ્યું છે. ૮૯.૨ ટકા લોકોએ હાલરડાં ગુજરાતી ભાષામાં સાંભળ્યાં છે અને ૭.૭ ટકા લોકોએ હાલરડાં હિન્દી ભાષામાં સાંભળ્યાં છે અને ૩.૧ ટકા લોકોએ હાલરડાં બીજી ભાષામાં સાંભળ્યાં છે. હાલરડામાં ભાષાનું ઘણું મહત્વ છે. માતા-પિતા અને સંભાળ આપનાર દ્વારા હાલરડું મોટાભાગે માતૃભાષામાં ગાવામાં આવે છે.

### સંશોધનના સૂચનો:

- બાળઉછેરમાં હાલરડું મહત્વનો ભાગ ભજવે છે તેનાથી બાળકમાં ભાષા વિકાસ થાય છે
- બાળઉછેર વખતે માતા દ્વારા હાલરડું ગાવાથી માતા અને બાળક વચ્ચે લાગણીશીલ સંબંધ વધે છે.
- માતા જ્યારે હાલરડું ગાય છે ત્યારે માતા અને બાળકમાં કોર્ટિસોલ નામનો હોર્મોન ઘટે છે.
- બાળઉછેરમાં હાલરડાંનો ઉપયોગ કરવાથી બાળકની ઊંઘની ગુણવત્તા વધે છે.
- હાલરડાંની પરંપરાગત રીતીનો ઉપયોગ કરીને સંસ્કૃતિ જાળવવી જોઇએ.

C. B. PATEL ARTS COLLEGE NADIAD ESTD - 1947

PRINCIPAL
C. B. PATEL ARTS COLLEGE
NADIAD 387 001